

# મોદી વ્હાઇટ હાઉસમાં

# ટ્રમ્પ-મોદીની મુલાકાતથી ચીની મીડિયાને પેટમાં દુખ્યું

**ચીની** મીડિયાએ પૂછ્યું: બરાક ઓબામા તો ન અપાવી શક્યા, શું ટ્રમ્પ અપાવશે સંયુક્ત રાષ્ટ્રોમાં કાયમી સીટ?

મોદી અને ટ્રમ્પ મુલાકાતની ચીની મીડિયામાં ઘણી ચર્ચા છે. ભડકેલા ચીની મીડિયાએ કહ્યું કે ભારત-અમેરિકાની વધતી નિકટતા એક ભૂ રાજકીય ચાલ છે જેનાથી ભારતને કોઇ મદદ મળવાની નથી. ચીની મીડિયાનું માનવું છે કે ભારત અને અમેરિકા ચીન પર લગામ કસવા પરસ્પર દોસ્તી વધારી રહ્યા છે. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઇમ્સે ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાઓનો ઇતિહાસ ટાંકતા લખ્યું કે એ સમયથી જ સોવિયેટ સંઘ અને અમેરિકા બેઉ જ ચીન પર લગામ કસવા ભારતનો કાર્ડ રમતા આવ્યા છે. અખબારે ૧૯૬૨ના યુદ્ધમાં ભારતની હાર અને અમેરિકાએ કોઇ મદદ ન કરી તેની પણ યાદ અપાવી હતી. ચીની અખબારે લખ્યું કે ભારત ચીનની બરાબરી કરવામાં સક્ષમ આવી ચાલમાં ફસાવાથી બચવું નથી એ ઇતિહાસ સિદ્ધ છે. ભારતે જોઇએ. ચીન સાથે સારા સંબંધો રાખવા જ તેની સલામતી અને વિકાસ માટે સારું રહેશે. ચીની અખબારે સવાલ ઉઠાવ્યો કે બરાક ઓબામાના કાર્યકાળમાં ભારતને લલચાવવા યુએનની સલામતી સમિતિમાં કાયમી બેઠકનો વાયદો કરાયો. પણ કોઇ વ્યવહારિક કોશીશ ન થઈ. શું ટ્રમ્પ આ માટે નક્કર પગલાં લેશે? ટ્રમ્પ ત્રાસવાદ મામલે પાકિસ્તાન પર દબાણ લાવશે? આનો જવાબ લગભગ ના જ છે. ભારતે અમેરિકા સાથે સંબંધ વધાર્યા તો તેના ગંભીર પરિણામ આવી શકે છે.

## મોદી-ટ્રમ્પની કેમિસ્ટ્રી ચીનને બતાવવા હતી?

અમેરિકી અખબાર ન્યૂયોર્ક ટાઇમ્સે લખ્યું કે બેઉ નેતાઓ સોશિયલ મીડિયાના ઉપયોગમાં માહેર છે. ટ્રમ્પ સરકાર ભારતને ૨૨ ડ્રોન વિમાન વેચવા રાજી થયું જેનો ઉપયોગ ભારત હિંદ મહાસાગરમાં ચીન સામે કરી શકે છે. બ્રિટિશ અખબાર ફાઇનાન્સિયલ ટાઇમ્સે લખ્યું કે ટ્રમ્પ નેતાઓ સાથે ન તો હાથ મિલાવવાનું પસંદ કરે છે, ન ભેટવાનું. એવામાં મોદીને સાચા મિત્ર કહી ચૂકેલા ટ્રમ્પને હાથ મિલાવતા અને ભેટતા જોવાનું રસદ રહ્યું.

## સોશિયલ મીડીયા ઉપર મોદી અને હું વૈશ્વિક નેતાઓ છીએ : ટ્રમ્પ

વોશિંગ્ટન, તા ૨૭ ( પી.ટી.આઇ ) : અમેરિકાના રાષ્ટ્રપતિ ડીનાલ્ટ ટ્રમ્પે ઇન્ટરનેટ પરનાં પ્લેટ ફોર્મ્સ-ઉપર અનેક મિલિયમનો આંક ધરાવતા ફોલોઅર્સ નો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પોતાને સોશિયલ મીડીયાના વૈશ્વિક નેતાઓ તરીકે આજે ગણાતા હતા. અને ઉમેર્ય હતું કે સોશિયલ મીડિયા ઈન્ટરનેટ પરના મેચોએ અમને અમારા નાગરીકો તરફથી સીધેસીધા જ સાભળવા સંક્ષમ બનાવ્યા છે.

મતે મીડિયા, અમેરીકી લોકો અમે ભારતીય લોકો સમક્ષ એ ઘોષણા કરવાનો અર્થ છે કે વડાપ્રધાન મોદી અને હું સોશિયલ મીડિયા ઉપર વૈશ્વિક નેતાઓ છીએ. એમ- ટ્રમ્પે મોદી સાથે તેમની સૌ પ્રથમ દિવ પક્ષીય વારાઘાટ માટેની બેઠક યોજાયા બાદ વ્હાઈટ હાઉસના શેઠ ગાર્ડન ખાતે પોતાની ટિપ્પણીમાં જણાવ્યું હતું.

## ભારતને ગાર્ડિયન ડ્રોન વિમાનો વેચવા અમેરિકાની મંજૂરી

વોશિંગ્ટન, તા.૨૭ (પીટીઆઇ): અમેરિકાએ ભારતની સમુદ્રી સર્વેક્ષણ ક્ષમતામાં વધારો કરવાં ભારતને પ્રેડેટર ગાર્ડિયન ડ્રોન વિમાનોના વેચાણને મંજૂરી આપી છે. જયારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે રણનીતિક ભાગીદારો-અમેરિકા, ભારત-વચ્ચે સુરક્ષા અને સલામતી સંબંધી સહકારને મજબૂત ટેકો આપવા આજે પ્રતિબધ્ધતા દર્શાવી હતી. વ્હાઇટ હાઉસ ખાતે મોદી ટ્રમ્પની શિખર પરિષદ યોજાયા બાદ જારી કરવામાં આવેલ સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે અમેરિકાના સૌથી વધુ ગાઢ નિકટના સહયોગી દેશો અને ભાગીદાર દેશો સાથે છે એવાં સમપ્રમાણ (કેમેનસયુરેટ) કક્ષાએ એડવાન્સ ડિફેન્સ ઇક્વિપમેન્ટ અને ટેકનોલોજી માટે ભેગા મળીને કામ કરવા અમેરિકા અને ભારત અપેક્ષા રાખે છે.

## ટ્રમ્પના ગાર્ડને એમ કે મોદી સજોડે આવ્યા હશે!!



**મોદીની** કાર જેવી આવી કે મરિન ગાર્ડ્સ કારના બેઉ દરવાજા ખોલવા દોડ્યા

વોશિંગ્ટન, તા. ૨૭: નરેન્દ્ર મોદી વ્હાઇટ હાઉસની મુલાકાતે ગયા ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પના સિક્યોરીટી ગાર્ડ્સ ગેરસમજનો ભોગ બન્યા હતા. મોદીની કાર વ્હાઇટ હાઉસ આવતા જ ગાડીની બેઉ બાજુએ દરવાજા ખોલવા બે મરિન ગાર્ડ્સ ઉભા રહી ગયા. ગાડીમાં બેઠેલા મોદીને સલામી આપ્યા બાદ બેઉ ગાર્ડ્સ દરાવાજો ખોલવા આગળ વધ્યા. મોદી ગાડીની જમણી સીટ પર બેઠા હતા. સામાન્ય રીતે નેતાઓની પત્નીઓ તેમની બરાબરવાળી સીટ પર બેસતી હોય છે. એક ગાર્ડે મોદીની સાઇડવાળો દરવાજો ખોલ્યો તો અન્ય ગાર્ડને લાગ્યું કે મોદી તેમનાં પત્ની સાથે આવ્યા છે એટલે તેણે બીજી બાજુનો દરવાજો પણ ખોલી દીધો. ગાર્ડને ડાબી બાજુનો દરવાજો ખોલતા ખાસ્સી મહેનત પડી હતી પણ દરવાજો ખુલ્યો તો જોયું કે ત્યાં કોઇ બેઠું ન હતું. આ ઘટનાનો વીડિયો બહાર આવતા લોકો સોશિયલ મીડિયા પર ઘણી મજાક કરી રહ્યા છે.

## ટ્રમ્પ ફેમિલીને મોદીએ કઇ કઇ ગિફ્ટ આપી?

**મોદીએ** ફર્સ્ટ લેડી મિલેનિયાને સિલ્વર બ્રેસલેટ, ચા અને મધ ગિફ્ટમાં આપ્યા



પર વર્ષ જૂની પરંપરાને આગળ વધારતા મોદીએ અબ્રાહમ લિંકનના મૃત્યુ બાદ વર્ષ ૧૯૬૫માં જારી પોસ્ટલ સ્ટેમ્પ ડોનાલ્ડ ટ્રમ્પને ભેટ આપી. આ બાજુ ટ્રમ્પે મોદીને તેમના સ્વાગતમાં એક ખાસ વસ્તુ વિશે જણાવ્યું. ટ્રમ્પે મોદીને અબ્રાહમ લિંકનની ફેમસ ગેટિસબર્ગ સ્પીચની કોપી અને એ ડેસ્ક બતાવ્યું જેના પર તેઓ લખતા હતા. મોદીએ પંજાબના હોશિયારપુરમાં બનેલી લાકડાની પેટી પણ આપી. મોદીએ ટ્રમ્પને કાશ્મીર અને હિમાચલની ફેમસ હાથ બનાવટની શાલ પણ આપી. ફર્સ્ટ લેડી મિલેનિયાને કાંગડા વેલીના કારીગરોએ બનાવેલ સિલ્વર બ્રેસલેટ અને ચા તેમજ મધ પણ ગિફ્ટમાં આપ્યા.

## મિલેનિયાએ મોદીને આવકારવા સવા લાખ રૂપિયાનો ગાઉન પહેર્યો હતો, મોદીએ બ્લેક નહેરુ કોલર સુટ પહેર્યો હતો



ફર્સ્ટ લેડી મિલેનિયા ટ્રમ્પે નરેન્દ્ર મોદીને આવકારવા માટે બ્રાઇટ યલો કલરનો ફૂલોની ન્ટિવાળો પૂરી લંબાઇનો સુંદર ગાઉન પહેર્યો હતો જેની કીમત ૨૧૬૦ ડોલર થાય છે. મોદીએ વ્હાઇટ હાઉસમાં જતી વખતે બ્લેક કલરનો નહેરુ કોલરવાળો સુટ પહેર્યો હતો. ઓવલ ઓફિસમાં બેઉ નેતાઓ વચ્ચે મીટિંગ થઇ ત્યારે મિલેનિયા ટ્રમ્પની સાથે જ હતાં.

## વ્હાઇટ હાઉસમાં મોદીની સ્પીચના કાગળિયા બે વાર ઉડી ગયા

**બેઉ વાર** રાષ્ટ્રીય સલામતી સલાહકાર ડોભાલે કાગળિયા ઉઠાવ્યા



વ્હાઇટ હાઉસમાં મોદી અને ટ્રમ્પના સંયુક્ત નિવેદન દરમ્યાન બે વાર મોદીની સ્પીચના કાગળિયા ઉડી ગયા. ત્યાં હાજર નેશનલ સિક યોરિટી એડવાઇઝર (એનએસએ) અજિત ડોભાલ વિના વિલંબે સીટ પરથી ઉભા થયા અને પેપર્સ એકઠાં કરીને મોદીને આપ્યા.

ન્યુઝ એજન્સીના હેવાલ મુજબ ટ્રમ્પ નિવેદન વાંચી રહ્યા હતા ત્યારે મોદી તેમને ધ્યાનથી સાંભળી રહ્યા હતા. તે વખતે જ જોરદાર પવનથી કાગળિયા ઉડીને મીડિયાની નજીક પહોંચી ગયા. આ જોઇને પહેલી લાઇનમાં બેઠેલા ડોભાલ તરત ઉઠ્યા અને કાગળિયા ઉપાડી મોદીને આપ્યા. આવું બે વાર થયું.

## ટ્રમ્પના ટ્વિટર પર મોદીની મુલાકાતનો ઉલ્લેખ નહી

બરાક ઓબામા અને મોદી વચ્ચે મુલાકાત વખતે થયું હતું એમ આ વખતે પણ ટ્રમ્પના ટ્વિટર એકાઉન્ટ પર મોદીની મુલાકાત અંગે સન્નાટો છવાયેલો રહ્યો. આમ તો બેઉ નેતાઓ સોશિયલ મીડિયામાં આગળ પડતા છે અને મોદીના ટ્વિટર એકાઉન્ટ પર મોદીએ અમેરિકા મુલાકાતની તસવીરો શેર કરીને ખુશી જાહેર કરી હતી પણ આ ખુશી એકતરફી લાગતી હતી. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે મોદીની મુલાકાત અંગે એક પણ ટ્વિટ કરી ન હતી. તેમના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટની પણ આ જ સ્થિતિ હતી. મોદીએ છેલ્લા ૧૯ કલાકમાં અમેરિકા મુલાકાત વિશે ૧૦ ટ્વિટ કરી હતી. આઠમાં મોદી-ટ્રમ્પની તસવીરો છે જયારે બે મિલેનિયા અને ઉપરાષ્ટ્રપતિના રિટ્વિટ્સ છે.

## ડિનર વખતે ટ્રમ્પે મોદીને કહ્યું: યુપીમાં તમને શાનદાર જીત મળી

**ડિનર** ટેબલ પર બેઉ બાજુએ ૧૩-૧૩ ખુરશીઓ



ટ્રમ્પ-મોદી વચ્ચે ડિનર ટેબલ પર ઘણા મુદ્દે વાતો થઈ અને હસી-મજાક પણ. વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પ સાથે ડિનર લેનારા મોદી વિશ્વના પહેલા નેતા બની ગયા. વ્હાઇટ હાઉસના ઐતિહાસિક બ્લ્યુ રૂમમાં ડિનર યોજાયું હતું. ટ્રમ્પે કહ્યું વસ્તીની રીતે ભલે અમેરિકાનો ક્રમ સાતમો હોય, પણ તે ભારતના એક નાના હિસ્સા જેટલો જ છે. યુપીમાં તમે શાનદાર જીત મેળવી. ડિનર ટેબલ પર બેઉ બાજુએ ૧૩-૧૩ ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. ટ્રમ્પે મજાકમાં મોદીને જણાવ્યું કે મીડિયા જાય પછી તેઓ ટોસ્ટ કરશે.

# મોદી ટ્રમ્પને ત્રણ વાર ભેટ્યા





મિલેનિયાને થમ્સ અપ સાઇન બતાવી

**ટ્રમ્પને** નેતાઓ સાથે હાથ મિલાવવાનું કે ભેટવાનું પસંદ નથી, જર્મનીનાં ચાન્સેલર મર્કેલ સાથે હાથ મિલાવવા ઇનકાર કર્યો હતો

નરેન્દ્ર મોદી ટ્રમ્પને કમ સે કમ ત્રણ વાર ભેટ્યા હતા. મોદી વ્હાઇટ હાઉસ આવ્યા ત્યારે મિલેનિયાને થમ્સ અપ સાઇન પણ બતાવી હતી. રોઝ ગાર્ડન ખાતે સંયુક્ત સંબોધનમાં મોદી બે વાર ટ્રમ્પને ભેટ્યા હતા. ટ્રમ્પે કહ્યું કે ભારત અને અમેરિકાની ભાગીદારી આટલી ઉજ્જવળ કદી ન હતી અને બેઉ દેશો મિત્રતા અને આદરમાં બંધાયેલા છે. ટ્રમ્પે આવું કહ્યું કે તરત મોદીએ તેમનાથી કદમાં ખાસ્સા ઊંચા ટ્રમ્પને બાથમાં લઈ લીધા હતા. છેલ્લે જયારે મોદી વ્હાઇટ હાઉસની બહાર નીકળ્યા ત્યારે ટ્રમ્પ સાથે હાથ મિલાવ્યા બાદ ફરી જાહેરમાં ભેટ્યા હતા. ટ્રમ્પને હસ્તધૂનન કે ભેટવાનું પસંદ નથી. વ્હાઇટ હાઉસમાં જ જર્મનીનાં ચાન્સેલર મર્કેલ સાથે હાથ મિલાવવાનો ઇનકાર કરતા ખાસ્સો વિવાદ થયો હતો.



## સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર પોલીસનો લાઠીચાર્જ



મુંબઇ, તા. ૨૭: સલમાન ખાને ઇદનો તહેવાર તેનાં બાંદ્રા ખાતેના એપાર્ટમેન્ટમાં પોતાનાં પરિવાર સાથે મનાવ્યો હતો. પરંતુ તેમનાં નિવાસસ્થાન હેઠળ એકઠાં થયેલ લોકોની ભીડ હિંસક બની હતી. સુપરસ્ટાર સલમાન પ્રશંસકોના મહેરામણને શુભકામના આપવાં બહાર આવ્યા હતાં. પ્રશંસકો સલમાન ખાનની એક ઝલક મેળવવા આવી પહોંચ્યા હતાં. રાત્રે ૮-૧૫ કલાકે સલમાનના ઘરની બહાર લોકોની ભીડના કારણે પુષ્કળ ટ્રાફિક હતો. પરંતુ દર વર્ષે હોય છે તેવો જ ટ્રાફિક હતો. આમ છતાં આ વર્ષે ધાંધલિયા, તોફાની પુરુષોના જૂથે દીવાલ ઉપર ચઢવાનો પ્રયાસ કર્યો હતો અને સલમાનના ગેલેક્સી હોમમાં દાખલ થવાનો પ્રયાસ કર્યો હતો. બાઉન્સરોએ સમયસર તેઓને અટકાવ્યા હતાં. પોલીસ અધિકારીઓ મદદ કરવાં આસપાસ જ હતાં. અંતે થોડા લોકોના કારણે પોલીસ અધિકારીઓએ લાઠી ચાર્જનો સહારો લેવો પડયો હતો. ૪૫ મિનિટ બાદ ટ્રાફિક ખુલ્યો હતો અને વાહનોની અવરજવર આસાનીથી શરૂ થઇ હતી.

## સલમાન ખાનની ઇદની પાર્ટીમાં પૂર્વ ભાભી મલાઇકા અને ફિલ્મ સ્ટારો હાજર રહયા



મુંબઇ, તા.૨૭: સલમાન ખાને સોમવારે પોતાના ઘરે ઇદની પાર્ટી રાખી હતી. પાર્ટીમાં બોલિવુડના ફિલ્મ સ્ટારો સામેલ થયા હતા. વરસાદની ઋતુ હોવા છતાં ઘણાં સુપ્રસિધ્ધ કલાકારો ઇદની પાર્ટીમાં સામેલ થયા હતા. પાર્ટીમાન અરબાઝ ખાનની પૂર્વ પત્ની મલાઇકા અરોડા પણ સામેલ થઇ હતી. મલાઇકા સાદા મેકઅપની સાથે ઓફ વ્હાઇટ પોશાકમાં નજરે પડી હતી. ઇદની પાર્ટીમાં આમિરનો પુત્ર જુનૈદ, પુત્રી ઇરા ખાન, દીયા મિરજા, સોનાક્ષી સિંહા ટ્યૂબલાઇટનો બાળ કલાકાર મતિન રે ટેંગૂ, અમૃતા અરોડા, પત્ની મિની માથુરની સાથે કબીર ખાન, અરમાન મલિક, પત્ની પુનમ સિંહાની સાથે શત્રુઘ્ન સિંહા, અભિષેક કપૂર, જેકલિન ફર્નાન્ડિઝ, મનીષ પોલ, ભૂષણ કુમાર, રિતેશ દેશમુખ, હેલન સહિત અન્ય સુપ્રસિધ્ધ કલાકારો સામેલ થયા હતા.

## અજાણ્યા બોય ફ્રેન્ડ સાથે અમિતાભની દોહિત્રી નવ્યાએ ફિલ્મ જોઇ



મુંબઇ, તા.૨૭: ગત દિવસોમાં અમિતાભની દોહિત્રી નવ્યા નવેલી નંદા જુહૂના પી.વી.આર.માં કોઇક અજાણ્યા યુવકની સાથે નજરે પડી હતી. જેવા બંને ફિલ્મ જોઇને બહાર નીકળ્યા તો ફોટોગ્રાફરો તેમની તસવીરો ક્લિક કરવા લાગ્યા હતા. કારમાં બેસતા પહેલા નવ્યા હસતી નજરે પડી હતી. જેવા તેઓ કારમાં બેઠા તો કેમેરાથી બચવા માટે બંનેએ પોતાનું મોં છુપાવી લીધું હતું.

## નવી ફિલ્મ માટે આમીરે કાન-નાક કોચાવ્યા



મુંબઈ, તા. ૨૭ : બોલિવુડમાં મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે જાણીતા આમિરખાન આજકાલ કંઈક બદલાયેલા નજરે પડી રહ્યા છે. હકીકતમાં આ બદલાવ તેમનાં દેખાવ બાબતે છે. આ બદલાવ તેમનાં દેખાવ બાબતે છે. આમિર આ દરમ્યાન થોડા અલગ નજરે પડયા છે. આમિર આ દરમ્યાન પોતાનાં કાન, નાક છેદાવ્યા છે અને તેમાં નોઝ, પિન ઈયરરિંગ અને ટોપ્સ પહેરેલ દેખાઈ રહ્યા છે. આમિરનો આ દેખાવ આજકાલ ચર્ચાનો વિષય બનેલો છે.

## ઇન્દ્રાણીનો આક્ષેપ: જેલમાં મારપીટ થઇ, જાતીય સતામણીની ધમકી મળી



મુંબઇ, તા. ૨૭ (પીટીઆઇ): દોષિત જાહેર કરાયેલ આરોપી કેદીના નિપજેલા મોતથી શરૂ થયેલ ઉશ્કેરાટપૂર્ણ પરેશાની વિરોધ - હુલ્લડ બદલ મહિલાઓની જેલના અન્ય કેદીઓ સહિત પોલીસના ચોપડે નોંધવામાં આવેલ શીના બોરા હત્યા કેસની આરોપી ઇંદ્રાણી મુખરજીએ હાઇકોર્ટના દ્વારો ખટખટાવ્યા હતાં અને આરોપ મૂકતા જણાવ્યું હતું કે મને જેલના અધિકારીઓ દ્વારા માર મારવામાં આવ્યો હતો અને જાતિય સતામણીની ધમકી આપવામાં આવી હતી.

## બ્રિટનમાં શીખ યુગલને કહેવાયું તમે ગોરું બાળક દત્તક ન લઈ શકો

**યુગલને** કહેવાયું બાળક દત્તક લેવું હોય તો ભારત જાવ, અહીં ગોરા નાગરિકોને જ પ્રાથમિકતા અપાય છે



લંડન, તા. ૨૭ (પીટીઆઈ): બ્રિટનમાં એક શીખ યુગલે આરોપ લગાવ્યો હતો કે તેમને ગોરું બાળક દત્તક લેવાની મંજૂરી આપવામાં આવી ન હતી કારણ કે તેમનો સાંસ્કૃતિક વારસો અલગ છે તેમને કહેવામાં આવ્યું હતું કે તેના બદલે ભારતથી કોઈ બાળકને દત્તક લઈ લો.

બર્કશાયરમાં રહેતાં સંદિપ અને રીના મંદેરનો જનમ બ્રિટનમાં જ થયો હતો અને તેઓ વેપાર પ્રબંધનના પ્રોફેશનમાં છે તેમણે જણાવ્યું હતું કે તેમને કહેવામાં આવ્યું હતું કે બાળક દત્તક લેવા માટે અરજી નહીં કરતા કારણ કે બ્રિટનના અથવા યુરોપના ગોરા નાગરીકોને પ્રાથમિકતા આપવામાં આવે છે.

આ શીખ યુગલે એડોપ્ટ બર્કશાયર સંસ્થાને કહ્યુ હતું કે તેઓ કોઈ પણ જાતિ અથવા સમુદાયના બાળકને દત્તક લેવાનું પસંદ કરશે પણ માત્ર ગોરા બાળકો હતાં તે આધાર પર તેમને ઈંકાર કરાયો હતો. તેમને ભારતથી કોઈ બાળક દત્તક લેવા કહેવામાં આવ્યું હતું.

દત્તક આપતી સંસ્થાઓને જાતિના આધાર પર લોકોને પ્રાથમિકતા આપવાની મંજૂરી છે જેથી બાળક તેના ભવિષ્યના માતા-પિતા સાથે સુસંગત થઈ શકે. પણ સરકારે સાથે જ કહ્યુ છે કે બાળકની જાતિ અથવા સમુદાયને દત્તક લેવામાં વિઘ્ન નહીં બનાવવો જોઈએ.

મંદેરના ઉદ્દેશ્ય છે તેને વડા પ્રધાન થેરેસા મે તેમના સ્થાનિક સાંસદ તરીકે જોઈ રહ્યા છે, મંદેર આ બાબત અદાલતમાં લઈ જશે.

## એટીએમ ૫૦ વર્ષનું થયું! પહેલા મશીનને સોનાનું બનાવાયું!



લંડન, તા.૨૭: ૫૦ વર્ષ પહેલાં ૨૭મી જૂન ૧૯૬૭માં વિશ્વનું પહેલું એટીએમ મશીન લંડનના એનફીલ્ડમાં બાકલેંજ બેંકની શાખામાં ખોલવામાં આવ્યું હતું. તેની સુવર્ણ જયંતીએ બેંકે એ મશીનને સોનાનું એટીએમ બનાવી દીધું છે. બેંક ઓફ ઇંગ્લેન્ડના ચીફ કેશિયરે એટીએમના ૫૦ વર્ષ પૂરા થવાના અવસરે જણાવ્યું હતું કે હજુ દસકાઓ સુધી લોકો માટે રોકડ રકમની જરૂરિયાત બની રહે છે.વિકટોરીયા કલેલેન્ડનું છે કે જો કે કાગળની નોટો અને સિક્કાઓનો ઉપયોગ ઓછો થઇ રહ્યો છે પરંતુ ભવિષ્યમાં બેંકો માટે એ જરૂરી બની રહેશે. તેમણે જણાવ્યું હતું કે બ્રિટનમાં ૯૪ ટકા યુવાનો અને વયસ્કો રોકડનો ઉપયોગ કરે છે. કેલેલેન્ડનું કહેવું છે કે નાણાંની લેવડદેવડના લગભગ અડધાથી વધારે કિસ્સાઓમાં રોકડનો ઉપયોગ કરવામાં આવે છે અને કોઇપણ દુકાન માટે એ મહત્ત્વપૂર્ણ હોય છે.


आधार Aadhar Housing Finance Ltd. A DHFL Group Company

**કોર્પોરેટ ઓફિસ :** રાજેહા પોઈન્ટ - ૧, એસવીસી બેંકની પાસે, વકોલા, નેહરૂ રોડ, શાંન્તાક્રુઝ (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૫.
**સુરત શાખા ઓફિસ :** એ-૯, બીજો માળ, વેસ્ટર્ન પ્લાઝા, ભુલકા ભવન સ્કુલની બાજુમા, અડાજણ હજીરા રોડ, અડાજણ, સુરત - ૩૯૫૦૦૯.

### ડીમાન્ડ નોટીસ

નીચે સહી કરનાર આધાર હાઉસીંગ ફાયનાન્સ લી. ના અધિકૃત અધિકારીએ સરફેસી કાયદા - ૨૦૦૨ની કલમ ૩(૧) અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ હેઠળ સરફેસી કાયદા - ૨૦૦૨ (સદર કાયદો) ની કલમ ૧૩(૨) હેઠળ તથા કલમ ૧૩(૧૨) અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટના રૂલ - ૩ મુજબ નોટીસ મોકલીને ઉધારકર્તાઓ જે નીચે જણાવેલ છે, તેમને નોટીસમાં જણાવેલ રકમ ભરપાઈ કરવા જણાવેલ ઉપરોકત અનુસંધાને ફરી એકવાર નોટીસ આપી ઉધારકર્તાઓને જણાવવામાં આવે છે કે એએચએફએલ ના બાકી નીકળતાં લ્હેણાં ડીમાન્ડ નોટીસ મળ્યાના ૬૦ દિવસોમાં વ્યાજ સહિત ભરપાઈ કરવાં જે લોન એગ્રીમેન્ટ મુજબ અને અન્ય દસ્તાવેજો / લખાણો પ્રમાણે ઉધારકર્તા દ્વારા ભરવાના થાય છે. બાકી લોનની પુનઃ ચુકવણી માટે નીચે પ્રમાણે જામીનગીરી ઉધારકર્તાઓએ એએચએફએલ ને આપેલ છે જે સંપત્તિ મોર્ટગેજ થયેલ છે.

| ક્રમ નં. | ઉધારકર્તાઓ / જામીનદારો નું નામ | ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ | મુકરર મિલકતો (સ્થાવર મિલકત) |
|---|---|---|---|
| ૧. | (સુરત શાખાનો એપ્લીકેશન નં. ૦૦૦૬૮૧૧૧) ચંદ્રેશ એ વાઘેલા (ઉધારકર્તા) અરૂણભાઈ કાળુભાઈ વાઘેલા (સહ - ઉધારકર્તા) કાંતિલાલ પોપટભાઈ જોતનગીયા (જામીનદાર) | તા. ૧૪.૧૧.૨૦૧૬ રૂા. ૯,૯૭,૪૯૮/- | ફલેટ નં. એ-૨૦૩, બીજો માળ, જાનવી રેસીડેન્સી, પટેલ પાર્કની પાસે, કાંરેજ મુખ્ય રોડ, સુરત. સુરત (શાખા), સુરત, ગુજરાત - ૩૯૫૦૦૬. |
| ૨. | (સુરત શાખાનો એપ્લીકેશન નં. ૦૦૦૬૧૧૨૩) યોગેન્દ્રકુમાર દાસ (ઉધારકર્તા) બબિતા દેવી યોગેન્દ્ર દાસ (સહ - ઉધારકર્તા) રામદેવ તાન્તી (જામીનદાર) | તા. ૧૩.૦૬.૨૦૧૭ રૂા. ૪,૪૬,૯૪૧/- | ફલેટ નં. ૪૦૧, ચોથો માળ, શુકુન રેસીડેન્સી - ૩, ત્રિમુર્તી વે બ્રીજની પાસે, તાતી થૈયા, કડોદ્રા - બારડોલી રોડ, સુરત, સુરત (શાખા), સુરત, ગુજરાત - ૩૯૪૩૦૫. |

ઉપર પ્રમાણે ઉધારકર્તાઓ જો એએચએફએલ ને રકમ ચુકવણીમાં કસુર કરશો તો સદર કાયદાની કલમ ૧૩(૪) હેઠળ અન્ય લાગુ પડતા કાયદા હેઠળ મુકરર મિલકતોની સામે ઉધારકર્તાની સંપૂર્ણ જવાબદારી અને પરિણામો હેઠળ કાર્યવાહી કરશે. ઉધારકર્તાઓએ સદરહુ કાયદા હેઠળ ઉપરોકત સંપત્તિઓ / મિલકતો વેચાણ, ભાડે અથવા અન્ય રીતે એએચએફએલ ની લેખિત પરવાનગી વિના આપવાની મનાઈ ફરમાવે છે. કોઈ વ્યકિત સદરહુ કાયદા અથવા તેની જોગવાઈઓનો ભંગ કરશે અથવા ભંગ કરવાની કોશીશ કરશે તો કાયદામાં જણાવ્યા મુજબ જેલ વાસ અથવા પેનલ્ટી થઈ શકે છે.

**અધિકૃત અધિકારી**
**સ્થળ : સુરત તારીખ : ૨૮.૦૬.૨૦૧૭** **આધાર હાઉસીગ ફાઈનાન્સ લીમીટેડ**